ક્રમાંક નપમ/૧૦૯૪/૩૮૨૮/ર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૫-૪-'૯૬

પ્રતિ,
નિયામકશ્રી નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય કલેકટર કચેરી કંપાઉન્ડ,
રાજકોટ

સર્વે કલેકટરશ્રીઓ.

વિષય:- નિયમીત ભરતીના કાયમી જગ્યા પરના ૨૦ વર્ષની સળંગ ફરજ બજાવતા જાજરુ, ગટર, અને શહેરની સાફસુફી કરનાર સફાઇ કામદારોના મૃત્યુ/નિવૃત્તિને કારણે તેમના વારસદારને વારસાઇ ધોરણે નોકરી આપવા અંગે.

---

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, નગરપાલિકા તરફથી નગરપાલિકાના કર્મચારીઓને કે જેઓ ચાલુ નોકરી દરમ્યાન મૃત્યુ પામે છે તેમના વારસદારોને નોકરીમાં રાખવા અંગે કરેલ રજુઆતો બાદ સરકારશ્રી સાથેના પરામર્શને અંતે નગરપાલિકાના નગરની જાજરુ, ગટર અને શહેરની સાફસુફી કરનાર સફાઈ કામદારો/કર્મચારીઓના વારસદારોને આશ્રિત તરીકે નોકરીમાં રાખવા અંગે આ અંગેની સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ મુજબ નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા તેમના તા.૨-૮-૮૯ ના પરીપત્ર નં.નયમ/યુ.પ/વારસદાર/નોકરી થી માર્ગદર્શક સૂચનાઓ/માપદંડો બહાર પાડવામાં આવેલ છે અને તે અન્વયે નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા રહેમરાહે નિમણૂંક આપવામાં આવે છે. આ અંગેની સત્તાઓ નિયામકશ્રી નગરપાલિકાઓને છે.

૨. નગરપાલિકાએ સ્વાયત્ત સંસ્થા છે અને તેણે પોતાના સફાઇ કર્મચારીઓ માટે નિવૃત્ત કે મૃત્યુ બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ સિવાય તેના વારસદારને સફાઇ કામદારની નોકરીમાં સમાવવા નિયમોથી આ પ્રકારની જોગવાઇ કરી હોય કે કરે તો નિયમોથી આ પ્રકારની જોગવાઇ કરે તો તેમાં કશું ખોટું નથી. કોઇપણ સ્થાનિક સંસ્થા પોતાની આવી ખાલી પડતી જગ્યા માટે નિયમોમાં જોગવાઇ કરે તો તે નગરપાલિકાના ક્ષેત્રાધિકારમાં છે અને જે નગરપાલિકાઓ આવા નિયમોમાં જોગવાઇ કરી નિયામકશ્રી નગરપાલિકાને દરખાસ્ત કરે તો તે નિયમો મંજૂર કરાવ્યા બાદ નગરપાલિકા તે મુજબ ભરતી કરી શકે છે

(સહી)

( કે.એ.નાગોરી )
સરકારના નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

નકલ રવાના પતિ.